| | |
|---|---|
| PUBLICATION NAME : | Prabhat |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/12/2022 |
| PAGE: | 2 |

# ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી; દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કર્યું

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈઆઈ)એ સામાજિક સંરક્ષણ નિયામક અને ગુજરાત સ્ટેટ હેન્ડિકેપ્ડ (દિવ્યાંગ) ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન, સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગ, ગુજરાત સરકાર સાથે જોડાણમાં સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ઓફ ડિફરન્ટલી એબલ્ડ (સીઈડીએ - દિવ્યાંગ સશક્તિકરણ કેન્દ્ર)ની સ્થાપના કરી છે. આજે ઈડીઆઈઆઈએ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરી હતી, જેમાં સફળ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોનું સન્માન કર્યું હતું અને તમામ માટે એકસમાન તકો ધરાવતા સર્વસમાવેશક સમાજની જરૂરિયાત વિશે પ્રસિદ્ધ વ્યવસાયિકોએ સંવાદ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના દિવ્યાંગજનોના સશક્તિકરણ વિભાગના સચિવ, આઈએએસ, શ્રી રાજેશ અગ્રવાલ મુખ્ય અતિથિ હતા. વળી આ પ્રસંગે આ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના અંડર સેક્રેટરી, આઈએએસ, શ્રી જયંત કિશોર; ગુજરાત સરકારના પંચાયત વિભાગના અંડર સેક્રેટરી શ્રી યુવરાજ સિદ્ધાર્થ; માઈક્રોસાઈન પ્રોડક્ટ્સના સ્થાપક અને સીઈઓ શ્રી નિશીથ મહેતા (દિવ્યાંગજનોને જ નોકરી આપે છે); ગુજરાત સરકારના સામાજિક ન્યાય નિયામક કચેરીના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી કલ્પેશ વાણિયા અને ચંદીગઢની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનિકલ ટીચર્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના પ્રોફેસર શ્રી જે એસ સાઈની.

આ પ્રસંગે શ્રી રાજેશ અગ્રવાલે કહ્યું હતું કે, “સમાજે દિવ્યાંગજનો પ્રત્યેના અભિગમમાં સંવેદના દાખવવી જોઈએ. તેમાં તાલીમ, કૌશલ્ય નિર્માણ અને માર્ગદર્શન દ્વારા સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમના માટે નવી તકો ઊભી કરવાની જરૂર છે અને તેમને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવા જોઈએ. સરકાર ઈડીઆઈઆઈ જેવી સંસ્થાઓના સાથસહકાર સાથે આ ક્ષેત્રમાં કામ કરી રહી છે.”

શ્રી કિશોરે ભાર મૂક્યો હતો કે, દિવ્યાંગતાથી વ્યક્તિની ઈચ્છાશક્તિ ન ગુમાવવી જોઈએ અને તેમના લક્ષ્યાંકને પાર પાડવા આત્મવિશ્વાસ કેળવવો જોઈએ. તેમણે કહ્યું હતું કે, “કોઈ પણ વ્યક્તિએ અવરોધો પાર પાડવા જોઈએ તથા ધૈર્ય અને ખંત સાથે અગ્રેસર થવું જોઈએ. દિવ્યાંગજનોની સામાજિક સર્વસમાવેશકતા માટે વિભાગે કેટલીક નવી પહેલો હાથ ધરી છે અને મને ખાતરી છે કે, આ પહેલો આગામી પાંચ વર્ષમાં દિવ્યાંગજનોના જીવનમાં મોટો ફેરફાર લાવશે.”

શ્રી યુવરાજ સિદ્ધાર્થે દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાની ઈડીઆઈઆઈની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે ઈડીઆઈઆઈની યોજનાઓ અને નીતિઓને દિવ્યાંગજનો સુધી પહોંચવા વિશે વાત કરી હતી તથા સંસ્થાએ તેમના માટે લીધેલા આ પગલાંની શ્રેષ્ઠ ખાસિયતો અંગે દિવ્યાંગજનોની જાણકારી આપવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી.

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, “દિવ્યાંગજનો વિશિષ્ટ ક્ષમતાઓ ધરાવે છે. આ ક્ષમતાઓને ઓળખવાની અને સર્વાંગી રીતે ખીલવવાની જરૂર છે. ઈડીઆઈઆઈનું સેન્ટર ફોર એમ્પાવરમેન્ટ ફોર ડિફરન્ટલી એબલ્ડ જાગૃતિ અને તાલીમ કાર્યક્રમો મારફતે ૮,૦૦૦ સંભવિત ઉદ્યોગસાહસિકો સુધી પહોંચ્યું તથા માર્ચ, ૨૦૨૨ સુધી દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોએ ૬૮૩ ઉદ્યોગસાહસોની સ્થાપના કરી છે. અમે દિવ્યાંગજનો દ્વારા વધુ ઉદ્યોગસાહસો વિકસાવવા અને સર્વસમાવેશક સમાજની રચના કરવા આતુર છીએ.”

આ કાર્યક્રમને લોકોને સંબોધન કરતાં દિવ્યાંગજનોને જ નોકરી આપતા ઉદ્યોગસાહસિક શ્રી નિશીથ મહેતાએ પણ કહ્યું હતું કે, “દિવ્યાંગજનો માટે વિવિધ પ્રકારના અવરોધો દૂર કરવાની અને તેમનું પુનર્વસન કરવાની જરૂર છે. જ્યારે દિવ્યાંગજનો અને સામાન્ય લોકો એકમંચ પર આવશે, ત્યારે આ વિચાર સાકાર કરશે. આ રીતે જે લોકો દિવ્યાંગજનોની ભરતી કરી શકે છે કે તેમને શ્રેષ્ઠ જીવન આપી શકે છે, તેઓ દિવ્યાંગજનોની ક્ષમતાઓને વધારે સારી રીતે સમજી શકશે.”

આ પ્રસંગે પ્રસિદ્ધ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોને તેમની મર્યાદાઓથી પર થઈને સફળતા મેળવવા બદલ એવોર્ડ એનાયત થયા હતા.

આ એવોર્ડવિજેતાઓમાં સામેલ હતાઃ સીએ. વિપિન જૈન (મનોજ વિપિન એન્ડ કંપની), શ્રી કેતનકુમાર આર પટેલ (શ્રી વેલ્ટેક્સ ઈન્ડસ્ટ્રીઝ), શ્રી અમિતકુમાર એમ પટેલ (નેક્સસલિન્ક સર્વિસીસ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ), શ્રી હેમેન્દ્ર એન જન્સારી (વાય એચ આર મલ્ટિપ્લ સપ્લાય એન્ડ સર્વિસીસ) અને સુશ્રી નિશા સાલેટ (સત્વ પેકેજિંગ). દરેકને પ્રમાણપત્ર અને રોકડ ઈનામ એનાયત થયું હતું.

આ એક-દિવસીય કાર્યક્રમમાં દિવ્યાંગજનોની સમસ્યાઓનું સમાધાન કરવા અને દુનિયાને તેમના માટે વધારે સુવિધાસંપન્ન બનાવવા કેટલીક પેનલ ચર્ચાઓ પણ થઈ હતી.

આંતરરાષ્ટ્રીય દિવ્યાંગજન દિવસના ભાગરૂપે દિવ્યાંગજનો માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન થયું હતું, જેમાં શુક્રવારે કેરમ, ચેસ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ તથા ચિત્ર સ્પર્ધા (બહેરા અને મૂંગા બાળકો માટે)નું આયોજન થયું હતું અને આ કાર્યક્રમમાં શનિવારે વિજેતાઓને એવોર્ડ એનાયત થયા હતા.